# DN-001-001262

Seat No. ________

## First Year B. A. (Sem. II) (CBCS) Examination

**April / May – 2015**

## Gujarati

*(New Course) (Option-1)*

**Faculty Code : 001**
**Subject Code : 001262**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :**

(૧) પ્રશ્ન નં. ૧ MCQ પ્રશ્નોના જવાબ ઉત્તરવહીમાં સૌપ્રથમ લખવાના છે.

(૨) વિભાગ-૨માં પ્રશ્ન નં. **૨થી ૫**નો સમાવેશ છે.

(૩) દરેક પ્રશ્નના ગુણ સામે જમણી બાજુ દર્શાવ્યા છે.

### વિભાગ-૧

૧ નીચેના પ્રશ્નોમાં આપેલા **ચાર** વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : ૨૦

(૧) 'આજ અંધાર ખુશ્બુભર્યા લાગતો' સંગ્રહનું શીર્ષક કયા કાવ્યની પંક્તિ પરથી લેવામાં આવ્યું છે ?

(અ) આજ (બ) અંધ

(ક) વાતો (ડ) બારી બહાર

(૨) 'આજ' કાવ્યમાં કાવ્યનાયકને ક્યાંથી સુગંધ આવે છે ?

(અ) તડકામાંથી (બ) અંધારામાંથી

(ક) પ્રકાશમાંથી (ડ) વરસાદમાંથી

(૩) 'બારીબહાર'માં માનવહૃદયનાં કયાં સનાતન ભાવનું આલેખન છે ?

(અ) પ્રભુ (બ) ચિંતન

(ક) પ્રણય (ડ) મનન

(૪) પ્રહલાદ પારેખનાં કાવ્યોની મુખ્ય ઓળખ કઈ છે ?

(અ) વાસ્તવવાદિતા (બ) ગ્રામાભિમુખતા

(ક) સૌંદર્યલક્ષિતા (ડ) સૌંદર્યાભિમુખતા

(૫) પ્રહલાદ પારેખનાં ગીતસંગ્રહનું નામ શું છે ?

(અ) સરવાણી (બ) બારી બહાર

(ક) ગુલાબ અને શિવલી (ડ) રૂપેરી સરોવરને કિનારે

(૬) 'પ્રહલાદ પારેખની કવિતા આંખ, નાક અને કાનની કવિતા છે.' - આ વિધાન કોણ બોલે છે ?

(અ) બળવંતરાય ઠાકોર (બ) ઉમાશંકર જોશી

(ક) રમેશ પારેખ (ડ) વિનોદ જોશી

(૭) 'અમે અંધારું શણગાર્યું કાવ્યનો વિષય શું છે ?

(અ) ચિંતન (બ) પ્રેમ

(ક) પ્રકૃતિ (ડ) અધ્યાત્મ

(૮) 'અંધ' કાવ્યમાં અંધનાયકના નયનનું શું બુઝાયું છે ?

(અ) દૃષ્ટિ (બ) કીકી

(ક) ચેતના (ડ) તેજ

(૯) 'આપણે ભરોસે' ગીતમાં શાનો મહિમા ગાયો છે ?

(અ) સ્વાશ્રય (બ) આત્મવિશ્વાસ

(ક) આત્મસત્કાર (ડ) આત્મસન્માન

(૧૦) 'આપણે ભરોસે' કાવ્યનો પ્રકાર જણાવો.

(અ) ગઝલ (બ) ગીત

(ક) ખંડકાવ્ય (ડ) સૉનેટ

(૧૧) 'બારી બહાર' કાવ્યમાં બારી ઉઘાડતાં સૌપ્રથમ શું પ્રવેશે છે ?

(અ) પંખીના ગાન (બ) કિરણ

(ક) સૂર (ડ) ધૂળ

(૧૨) 'ન જાણો નિંદુ છું, પરંતુ પૂછું છું' એમ કવિ કોને પૂછે છે ?

(અ) ચાંદરણાને (બ) ઘાસને

(ક) જૂઈને (ડ) બનાવટી ફૂલોને

(૧૩) 'સૂર્યોદય' કાવ્યનો વિષય કયો છે ?

(અ) પ્રકૃતિ (બ) પ્રણય

(ક) ચિંતન (ડ) પ્રભુપ્રેમ

(૧૪) 'અવધૂત' કાવ્ય કયા પ્રકારનું છે ?

(અ) ગીત (બ) સૉનેટ

(ક) ઊર્મિકાવ્ય (ડ) ખંડકાવ્ય

(૧૫) 'વાતો' કાવ્યનો વિષય શું છે ?

(અ) પ્રભુપ્રેમ (બ) ચિંતન

(ક) પ્રણય (ડ) પ્રકૃતિ

(૧૬) 'છેલ્લી પૂજા' કાવ્યનું સ્વરૂપ શું છે ?

(અ) અછાંદસ (બ) ગીત

(ક) સૉનેટ (ડ) ખંડકાવ્ય

(૧૭) 'ચિત્ત જે નિત્ય આનંદને કલ્પતું, આવિયો તે થઈ સુરભિ - પૂર'? આ પંક્તિ કયા કાવ્યની છે ?

(અ) આજ (બ) વિદાય

(ક) વાતો (ડ) બારી બહાર

(૧૮) 'અમે અંધારું શણગાર્યું' કાવ્યમાં કયો રંગ ઊડે છે ?

(અ) લાલ (બ) આનંદરંગ

(ક) પીળો (ડ) ગુલાબી

(૧૯) નીચેની પંક્તિ કયા કાવ્યની છે ?

'પવન તણી સંગાથે રમતી કોઈ વેળ સંતાકૂકડી,

સંતાતી એ, ને આવીને વાયુ લે પળમાં પકડી.'

(અ) આજ (બ) વિદાય

(ક) જૂઈ (ડ) બંધ

(૨૦) 'થાય છે થેઈથેઈકાર' કાવ્યમાં પવન શું વગાડે છે ?

(અ) વાંસળી (બ) ઢોલક

(ક) મૃદંગ (ડ) પાવા

## વિભાગ - ૨

૨ નીચેનામાંથી (કોઈ પણ **એક**)નો ઉત્તર લખો : ૧૦

(૧) ''આજ અંધાર ખુશ્બુભર્યો લાગતો'ની કવિતા સૃષ્ટિમાં ઇન્દ્રિય ગ્રાહ્યતાનો ગુણ છે.' - વિધાનની સમીક્ષા કરો.

(૨) 'આજ અંધાર ખુશ્બુભર્યો લાગતો' કાવ્યસંગ્રહમાં વિષયવૈવિધ્ય વિશે નોંધ લખો.

૩ નીચેનામાંથી (કોઈ પણ **એક**)નો ઉત્તર લખો : ૧૦

(૧) 'આજ અંધાર ખુશ્બુભર્યો લાગતો' સંગ્રહની સમગ્રલક્ષી ચર્ચા કરો.

(૨) 'આજ અંધાર ખુશ્બુભર્યો લાગતો'ની ગીત રચનાઓ.

૪ (અ) ટૂંકનોંધ લખો : (કોઈ પણ **એક**) ૮

(૧) 'આજ અંધાર ખુશ્બુભર્યો લાગતો'માં પ્રણય નિરૂપણ.

(૨) 'એકલું' ગીત કાવ્યમાં વર્ણવાયેલી એકલતાની સમીક્ષા કરો.

(બ) ટૂંકનોંધ લખો : (કોઈ પણ **એક**) ૮

(૧) 'છેલ્લી પૂજા' કાવ્યનું રસદર્શન કરો.

(૨) 'સૂર્યોદય' કાવ્યનું રસદર્શન કરો.

૫ ટૂંકમાં ઉત્તર લખો : (કોઈ પણ બે) ૧૪

(૧) કાવ્યકૃતિ 'આજ'નું રસદર્શન કરો.

(૨) 'ઘાસ અને હું' કાવ્યની સમીક્ષા કરો.

(૩) 'એકલું' ગીત કાવ્યમાં વર્ણવાયેલી એકલતાની સમીક્ષા કરો.

(૪) 'નમાવી ડાળીઓ સર્વે, માર્ગમાં પુષ્પ પથારી,
'આવ', 'આવ', બધાં વૃક્ષો સાદ છે ઘડી ઘડી'. સંદર્ભ પંક્તિ સમજાવો.